સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચેરમેનનું સૂચન

નાના બિઝનેસ દ્વારા ઊભા કરાતાં ભંડોળના એન્ડ-યુઝની તપાસ માટે સમર્પિત સંસ્થાઓની તાતી જરૂર

પીટીઆઇ
મુંબઇ, તા. ૧૦

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચેરમેન સી એસ સેટ્ટીએ શુક્રવારે માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થાના સર્જનની હિમાયત કરી હતી, જે નાના બિઝનેસીઝ દ્વારા ઉછીના મેળવાયેલા કે ઊભા કરવામાં આવેલા ફંડસના એન્ડ-યુઝની તપાસ કરી શકે. આવા ફંડસનો દર્શાવાયેલા હેતુઓ માટે જ ઉપયોગ થયેલો છે તેની ખાતરી માટે વાયેબલ મિકેનિઝમની જરૂર છે, તેમ સેટ્ટીએ તેમની ટિપ્પણીમાં કહ્યું હતું જે આવા ફંડના એન્ડ-યુઝની બાબતે ચિંતા વધી રહી છે તેવા સમયે આવી ટિપ્પણી આવી પડી છે. આપણે વાયેબલ મિકેનિઝમની જરૂર રહેશે જે આવા ફંડના ખરેખર ઉપયોગની તપાસ કરી શકે જેથી એ ખાતરી મળી રહે કે આવા ફંડનો દર્શાવાયેલા હેતુઓ માટે જ ઉપયોગ થયેલો છે કે કેમ તે જાણી શકાય, જે સંભવિત રીતે અલગ માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થા મારફત થઇ શકે છે, જેને આવા બોરો ફંડસ કે શેરો દ્વારા ઊભા કરવામાં આવેલા ફંડસના ઉપયોગની તપાસ કરવાની સત્તા આપવામાં આવેલી હોય, તેમ સેટ્ટીએ કહ્યું હતું.અહીં સેબી-પ્રમોટેડ એનઆઇએસએમ દ્વારા યોજવામાં આવેલી કોન્ફરન્સને સંબોધન કરતા, સેટ્ટીએ જણાવ્યું હતું કે આવી પ્લેટફોર્મનું સર્જન ધિરાણકારો અને રોકાણકારોને રાહતરૂપ બની રહેશે, ઉપરાંત ભાવને વધુ આકર્ષક બનાવશે.

તે નોંધનીય છે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા ધિરાણ બેંકો પર એન્ડ-યુઝ ફંડ પર દેખરેખ રાખવાનું દબાણ કરી રહી છે, ખાસ કરીને, એવા કેસમાં કે જેમાં બોરોઇંગ્સ નાના બિઝનેસીઝ દ્વારા કરવામાં આવેલું હોય.ગત વર્ષના માર્ચમાં, મધ્યસ્થ બેંકે ધિરાણબેંકોને બિઝનેસ ક્રેડિટ કાર્ડસ ઇસ્યૂ કરવાનો આદેશ આપ્યો હતો કે જેથી ફંડસના એન્ડ-યુઝ ઉપયોગ પર દેખરેખ રાખી શકાય. એવા કેટલાક રિપોર્ટસ પણ રહ્યા છે કે અનસિક્યોર્ડ બોરોઇંગ્સનો ઉપયોગ ડેરિવેટિવ માર્કેટસના જોખમી સેગમેન્ટસમાં મૂકવા માટે કરવામાં આવી રહ્યો છે. સેટ્ટીએ કહ્યું કે અપેક્ષિત વૃદ્ધિ દર હાંસલ કરવાના હેતુ માટે મૂડીની મોટા પ્રમાણમાં જરૂરિયાત છે, અને યુવાનો આવા ફંડસનો મોટો સોર્સ હોવાની બાબતને ધ્યાનમાં લઇને, મ્યુચ્યુઅલ ફંડસ અને પ્રાઇમરી બજારોની તે જવાબદારી છે. કે આવા નાણા ડેરિવેટિવ સેગમેન્ટસમાં ન જાય તેની ખાતરી કરે.

તાજેતરના વર્ષોમાં આવા કેસ બન્યા છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ૨૦૩૬ સુધી ૮-૯ ટકાના જીડીપી વૃદ્ધિ દરની જરૂર રહેશે, તેમ સેટ્ટીએ મૂડી અંગેના અંદાજો આપતા જણાવ્યું હતું,જેની આગામી દાયકામાં જરૂર રહેશે.

સેબીના વડાનો અંદાજ

૨૦૨૪-૨૫માં મૂડી બજારોમાંથી ભંડોળ એકત્રીકરણ ૨૧ ટકા વધી રૂપિયા ૧૪.૨૭ લાખ કરોડ થશે

પીટીઆઇ
મુંબઇ, તા. ૧૦

મૂડીબજારોમાંથી કુલ ફંડ રેઇઝિંગ, કે જેમાં શેર અને દેવાં સાધનોનો સમાવેશ થાય છે, તે એફવાય-૨૫માં લગભગ ૨૧ ટકાના ઉછાળે રૂપિયા ૧૪.૨૭ લાખ કરોડે રહેશે, જે એફવાય-૨૪માં રૂપિયા ૧૧.૮ લાખ કરોડ હતું, તેમ સેબીના વડા માધવી બુચે શુક્રવારે જણાવ્યું હતું. બુચે કહ્યું કે વર્તમાન નાણાંકીય વર્ષના છેલ્લા નવ માસમાં, સંસ્થાઓએ રૂપિયા ૩.૩ લાખ કરોડ શેરોમાંથી અને રૂપિયા ૭.૩ લાખ કરોડ દેવાં બજારોમાંથી ઊભા કર્યા હતા, સાથે કુલ મોપ-અપ રૂપિયા ૧૦.૭ લાખ કરોડે પહોંચી ગયું છે.

જો આપણે આગામી ક્વાર્ટર (ક્યુ-૪) માટે અંદાજ મૂકીએ તો, આપણે સંભવિત રૂપિયા ૧૪ લાખ કરોડ વર્ષ માટે મૂડી તરીકે ઊભા કરેલા હશે, જેમાં શેર અને દેવાંનો સમાવેશ થાય છે, તેમ બુચે અહીં એનઆઇએસએમ-યોજિત કોન્ફરન્સમા ંબોલતા તેમણે જણાવ્યું હતું. બુચ દ્વારા કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં એફવાય-૨૫નો અંદાજ રૂપિયા ૧૪.૨૭ લાખ કરોડનો રહ્યો છે.

બુચે વધુમાં જણાવ્યું કે રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ ટ્રસ્ટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટસ અને મ્યુનિસિપલ બોન્ડસ દ્વારા ઊભા કરવામાં નાણાનો હિસ્સો રૂપિયા ૧૦ હજાર કરોડના ફંડસ એફવાય-૨૫નાપ્રથમ નવ માસમાં ઊભા કરવામાં ફંડસમાં ઘણો નાનો રહ્યો છે, પરંતુ ઉમેર્યું હતું કે તેને લાગે છે કે આવી પ્રવૃત્તિઓ આગામી દાયકામાં વધશે અને શેર અને દેવાં બજારોમાંથી વધુ નાણા ઊભા કરવામાં આવશે. મૂડી બજાર નિયામક ઇસ્યૂઓને મંજૂર કરવા માટે લેવામાં આવતા સમયમાં ઝડપ લાવવા માટેની કામગીરી કરી રહ્યા છે, તેમ બુચે જણાવી, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇસીઝ (એસએમઇ) બોર્ડ દરખાસ્તોને મંજૂર કરવા માટે લેવામાં આવતા સમયને ઘટાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બુચે વધુમાં કહ્યું કે આઇપીઓ તરફ પુષ્કળ ધ્યાન આપવામાં આવી રહ્યું છે અને સેબીમાં આવી અરજીઓ ઊભરાતી રહી છે, પરંતુ ઉમેર્યું હતું કે અન્ય સ્થળો કે જેમાં પ્રેફરન્સિયલ ઇસ્યૂઅન્સીઝ, સંસ્થાકીય પ્લેસમેન્ટસ અને રાઇટસ ઇસ્યૂ પણ અગત્યના છે અને તેની અવગણના કરવી જોઇએ નહીં. તેમણે ઉમેર્યું હતું કે નિયામક રાઇટસ ઇસ્યૂઅન્સીઝને ઝડપી બનાવવા સિસ્ટમ લાવવામાં આવી રહી છે, અને આશા વ્યક્ત કરી હહતી કે ઉદ્યોગ પણ આને અપનાવશે.

નિયામકે મ્યુચ્યુઅલ ફંડસની નવી ઓફર્સની મંજૂરીમાં ઘણી ઝડપ લાવી છે તેમ દર્શાવીને, સેબી ચેરપર્સને જણાવ્યું હતું કે રૂપિયા ૨૫૦ની લઘત્તમ કિંમત સાથેના સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (એસઆઇપી) પણ ટૂંક સમયમાં લોન્ચ કરવામાં આવશે.

કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ

kotak Kotak Mahindra Bank

રજીસ્ટર્ડ ઓફીસ : ૨૭ બીકેસી, સી-૨૭, જી-બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઇસ્ટ) મુંબઇ, મહારાષ્ટ્ર, પીનકોડ-૪૦૦ ૦૫૧
શાખા ઓફીસ : કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ, પહેલો માળ, શાંતિ પોઇન્ટ, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૫) સાથે વંચાતા નિયમ ૬(૧)ની જોગવાઇઓ અને સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

મેસ્સ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ (પછી પુનાવાલા હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ (અહીં પીએચએફએલ તરીકે દર્શાવેલ છે) અને હાલમાં ગૃહમ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે જાણીતી) દ્વારા કોટક મહિન્દ્રા બેંક લીમીટેડની તરફેણમાં એસાઇનમેન્ટ ઓફ ડેબ્ટ પછી, કોટક મહિન્દ્રા બેંક લી મીટેડ (અહીં પછી બેંક/કેએમબીએલ/સિક્યોર્ડ લેણદાર તરીકે દર્શાવેલ છે)ના અધિકૃત અધિકારીએ સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જર કરાયેલ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો ભૌતિક કબજો ૦૫.૦૨.૨૦૨૫ના રોજ લઈ લીધો છે.

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને સહ-દેવાદાર(રો) અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે બેંકે નીચે જણાવેલ વિગતો મુજબ શ્રી પટેલ વિષ્વકુમાર કે અને શ્રીમતી પટેલ વર્ષાબેન વિજલભાઈ દ્વારા લેવાયેલ લોન, લોનના લોન એકાઉન્ટ નં. HM/0190/H/18/100870 હેઠળની રૂ. ૩૪,૫૮,૫૦૬/- (રૂપિયા ચોત્રીસ લાખ અઠ્ઠાવન હજાર પાંચસો છ પુરા) ૦૮.૦૧.૨૦૨૫ મુજબની બાકી રકમ તેમજ છુટકારા સુધી લાગુ ચડત વ્યાજની વસુલાત માટે જ્યાં છે, જેણે અને જેમ છેલ્લા ઘોરણે સરફૈસી એક્ટ, ૨૦૦૨ની જોગવાઇઓ હેઠળ ઈ-હરાજી મારફત સિક્યોર્ડ મિલકતોનું વેચાણ કરવાનો નિર્ણય કરેલ છે.

માહીતી	વિગત
હરાજીની તારીખ	30.01.2025
હરાજીનો સમય	બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ વાગ્યા દરમિયાન ૫ મિનિટના અમર્યાદિત લંબાણ સહિત
રીઝર્વ કિંમત	રૂા.૧૬,૦૦,૦૦૦/- (રૂપિયા સોળ લાખ પુરા)
અર્નેસ્ટ મની ડિપોઝીટ	રૂા. ૧,૬૦,૦૦૦/- (રૂપિયા એક લાખ સાઠીઠ હજાર પુરા)
ઇએમડી તેમજ કેવાયસી જમા કરવાની છેલ્લી તારીખ	૨૯.૦૧.૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યા સુધી

સિક્યોર્ડ મિલકતની વિગત : શોપ નં. એફએક-૨૦૧, ક્ષેત્રફળ આશરે ૩૦.૭૦ ચો.મી, બિલ્ટ અપ એરિયા અને ક્ષેત્રફળ ૩૧૭.૦૦ ચો.ફુટ એટલે કે ૨૯.૪૬ ચો.મી, કાર્પેટ એરિયા પહેલો માળ તેમજ ગ્રીન સિગ્નેચર શોપર્સ તરીકે જાણીતી સ્કીમની જમીનમાં ન વહેંચાયેલ હિસ્સો ધરાવતી રેવન્યુ સર્વે નં. ૫૪૯ પૈકી રેવન્યુ સર્વે નં. ૩૩૪/૨-એ, ફાઇનલ પ્લોટનં. ૩૦/૧, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૨૯, (રુંધેજ- વેણુ-મગદલા) ની જમીનનો ભાગ બનતી, મોજે વેણુ, મજુરા તાલુકો, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અને સબ ડિસ્ટ્રીક્ટ સુરત-૩૯૫૦૧૦ ખાતેની સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ચતુ:સીમા :** પુર્વ: શોપ નં. એફએક-૨૦૨, પશ્ચિમ: ખુલો પ્લોટ, ઉત્તર: ૬૦ ફુટ રોડ, દક્ષિણ: શોપ નં. એફએક ૨૨૯

જાણમાં હોય તેવા બોજા	નથી

સિક્યોર્ડ મિલકત પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં સરફૈસી એક્ટની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઇઓ પ્રતેય દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે. ખાસ કરીને દેવાદારો અને જાહેર જનતાએ નોંધ લેવી કે અહી જણાવેલ સમયે હરાજી કોઇપણ કારણ સર નિષ્ફળ જાય તો, સિક્યોર્ડ લેણદાર ખાનગી સંધિ મારફત વેચાણના માર્ગે સિક્યોરીટી હિતનો ઉપયોગ કરી શકે છે. વેચાણ હેઠળની મિલકતોના સબંધમાં કોઇપણ સ્પષ્ટતા/ ખરૂરીયાતના કિસ્સામાં બીડરો શ્રી કિશોર અરોરા (મો. નં. +૯૧ ૭૨૨૭૫૩૪૫૭) અને શ્રી અશિત સોલંકી (મો. નં. +૯૧ ૭૩૦૨૧૧૧૬૦૮) નો સંપર્ક કરી શકે છે. બીડર બેંકના ડાઇવીઆર નં. (+૯૧-૯૧૨૨૧૮૭૫૧) નો પણ સ્પષ્ટતાઓ માટે સપર્ક કરી શકે છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે બેંકની વેબસાઇટ www.kotak.com પર આપેલ લિંક https://www.kotak.com/en/bank-auctions.html અને/અથવા https://bankauctions.in જોવા વિનંતી છે.

સ્થળ: સુરત,તેલંગાણા — અધિકૃત અધિકારી
તારીખ : ૧૧.૦૧.૨૦૨૫ — કોટક મહિન્દ્રા બેંક લીમીટેડ

હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ

HeroHousing Finance

સંપર્ક સરનામું : પાંચમો માળ, સંદન હાઉસ, પેન્ટાલુન્સ સ્ટોર સામે, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૬
રજી. ઓફીસ : ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭
ફોન : ૦૧૧ ૪૬૨૬૭૦૦૦, ટોલ ફ્રી નં. : ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦,
ઇમેઇલ : customer.care@herohfl.com
વેબસાઇટ : www.herohousingfinance.com CIN : U65192DL2016PLC30148

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૧) સાથે વંચાતા પરિશિષ્ટ ૪ મુજબ)

આથી હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩ (૧૨) હેઠળ તેમના પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવ્યા મુજબ માંગણા નોટીસ જારી કરી દેવાદારોને નોટીસમાં જણાવેલ રકમ આ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવ્યું હતું.

દેવાદારો રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી ખાસ કરીને દેવાદારો અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારે જણાવેલ નિયમોના નિયમ ૮ સાથે વંચાતી જણાવેલ એક્ટની કમલ ૧૩ (૪) હેઠળ તેમને પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ મિલકતનો કબજો લઇ લીધો છે.

આથી ખાસ કરીને દેવાદારો અને જાહેર જનતાને મિલકત સાથે કોઇસોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઇપણ સોદો હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડની નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજ તેમજ નીચે જણાવેલ તારીખથી પેનલ વ્યાજ, ચાર્જ, કોસ્ટ વગેરેના ચાર્જને આધિન રહેશે.

સિક્યોર્ડ એસેટ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઇઓ પ્રત્યે દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

લોન એકાઉન્ટ નંબર	દેવાદાર(રો)/ કાનુની વારસદારો/ કાનુની પ્રતિનિધિઓ	માંગણા નોટીસ મુજબની તારીખ અને રકમ	કબજાની તારીખ (પ્રત્યક્ષ/પરોક્ષ)
HHFAHMLAP23 000043029	કુશવાહ સુરેશ રામાયણ, કુશવાહ જ્યોતિ સુરેશ	૧૪-/૧૦/૨૦૨૪, રૂા. ૨૨,૫૧,૩૧૧/- ૧૧/૧૦/૨૦૨૪ મુજબ	૦૯.૦૧.૨૦૨૫ (સાંકેતિક કબજો)

સિક્યોર્ડ એસેટ્સ / સ્થાવર મિલકતોની વિગત : ટેનામેન્ટ નં. સી/૪, જમીન એરિયા ક્ષેત્રફળ ૧૦૦ ચો. યાર્ડ ચો.મી. આશરે ૮૩.૬૧ ચો.મી., તેમજબાંધકામ ક્ષેત્રફળ ૪૪ ચો. યાર્ડ આશરે ૬૧.૮૭ ચો.મી., વૃંદાવન મેમ્બર્સ એસોસિયેશન (ઇસનપુર), 'વૃંદાવન સોસાયટી' તરીકે પ્રખ્યાત સ્કીમ, બાંધકામ બિન-ખેતીલાયક જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૪૮ પૈકી, ટીપી સ્કીમ નં. ૫૪, એફ.પી. નં. ૪૯ પૈકી, અને મોજે-ગામ-ઇસનપુર, તાલુકો-મણિનગર, રજીસ્ટ્રેશન જિલ્લો અમદાવાદ અને પેટા જિલ્લો-અમદાવાદ-૫ (નારોલ), ગુજરાત ખાતેની સ્થાવર મિલકતના તમામ રાઇટ, ટાઇટલ અને હિત. **મિલકતની ચતુ:સીમા :** ઉત્તર : દિવાલ અને અન્ય મિલકત, દક્ષિણ : ટેનામેન્ટ નં. સી/૩, પુર્વ : ટેનામેન્ટ નં. સી/૫, પશ્ચિમ : ટી.પી. રોડ

તારીખ : ૧૧-૦૧-૨૦૨૫, સ્થળ : અમદાવાદ — સહી/- અધિકૃત અધિકારી, હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ વતી

ગુજરાતમાં એચએમપીવીના કેસો વધી ૩, ૮ વર્ષનો બાળ સંક્રમિત

પીટીઆઈ
હિંમતનગર, તા. ૧૦

ગુજરાતના સાબરકાંઠા જીલ્લાનો આઠ વર્ષનો બાળક હ્યુમન મેટાન્યૂમોવાયરસ ઈન્ફેક્શનથી સંક્રમિત થતાં રાજ્યમાં એચએમપીવીના કેસોની સંખ્યા વધીને ૩ થઈ હોવાનું શુક્રવારે એક અધિકારીએ જણાવ્યું હતું.

પ્રાંતિજ તાલુકાના ખેત મજૂર પરિવારના બાળકનો એચએમપીવી ટેસ્ટ ખાનગી લેબોરેટરીમાં પોઝિટિવ માલૂમ પડ્યો હતો, પરંતુ આરોગ્ય તંત્રએ તેનાં બ્લડ સેમ્પલ્સ સંક્રમણની પુષ્ટિ કરવા માટે સરકારી લેબમાં મોકલ્યાં હતાં, એમ તેમણે જણાવ્યું હતું.

છોકરાને હાલમાં હિંમતનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને અત્યાર સુધી તેને એચએમપીવીનો શંકાસ્પદ કેસ ગણવામાં આવતો હતો.શુક્રવારે સરકારી લૅબે છોકરો એચએમપીવીથી સંક્રમિત હોવાની પુષ્ટિ કરીહ તી.

હાલ તેની સારવાર ચાલી રહી છે અને તેની સ્થિતિ સ્થિર છે, એમ સાબરકાંઠાના જીલ્લા કલેક્ટર રતનકંવર ગઢવીચારણે કહ્યું હતું.

હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા મુજબ, છોકરાને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો.ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં એચએમપીવીનો પહેલો કેસ છઠ્ઠી જાન્યુઆરીએ નોંધાયો હતો, જેમાં રાજસ્થાનના બે માસનો શિશુ આ વાઈરલ બિમારીથી સંક્રમિત થયો હતો. આ બિમારીમાં તાવ આવવો, નાક બંધ થવું, શરદી અને ખાંસી જેવી તકલીફો સર્જાય છે. હોસ્પિટલમાં સારવાર મળ્યા બાદ તેને રજા અપાઈ હતી.

અમદાવાદમાં ગુરુવારે ૮૦ વર્ષની વ્યક્તિનો એચએમપીવી ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. અસ્થમાથી પીડાતા દર્દીની હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

એચએમપીવી પેરામાઈક્સોવાઈરીડીએ ફેમિલીમાંથી આવતું સંક્રમણ છે. તે રેસ્પિરેટરી સિન્સાઈટિયલ વાઈરસ સાથે સંકળાયેલું છે. આ બિમારી શરદી કે ખાંસી વાટે પ્રસરતાં ડ્રોપ્લેટ્સ મારફત, દૂષિત સપાટીને સ્પર્શ કરવાથી અથવા તો સંક્રમિત વ્યક્તિના સીધા સંપર્કમાં આવવાથી ફેલાય છે.

કબજા નોટીસ

આથી, જના સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ (અગાઉ જનલક્ષ્મી ફાયનાન્સિયલ સર્વિસીઝ લીમીટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારીએ, સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ મળતી સત્તાનો ઉપયોગ કરીને દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો) ને માંગણાં નોટીસ જારી કરી દેવાદારોને તેમના લાગતા વળગતા નામ સામે જણાવેલ રકમ જણાવેલ નોટીસમાં જણાવ્યા મુજબ લાગુ દરોએ તેના પરના વ્યાજ તેમજ ચુકવણી અને / અથવા છુટકારાની તારીખ સુધી લદાયેલ ચડત વ્યાજ, લાગુ આકસ્મિક ખર્ચ, પડતર ખર્ચ, ચાર્જ વગેરે સહીત જણાવેલ નોટીસો મળ્યાથી ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવ્યું હતું.

ક્રમ નં.	લોન નંબર	દેવાદાર/ સહ-દેવાદાર/ જામીનદાર/ગીરવેદાર	૧૩(૨) નોટીસની તારીખ / બાકી રકમ (રૂા. માં) ના રોજ	કબજાનો પ્રકાર અને તારીખ / સમય
૧	૪૫૨૪૯૪૨૦૦૦૪૦૮૯ અને ૪૫૨૪૯૪૧૦૦૦૦૭૯૧	૧) વિનોદ મહાદેવ દાસ, ૨) મીથુ વિનોદ દાસ	૨૨/૧૦/૨૦૨૪ રૂા. ૯,૬૩,૩૩૪/- (રૂપિયા નવ લાખ ત્રેસઠ હજાર ત્રણસો ચોત્રિસ પુરા) ૧૯/૧૦/૨૦૨૪ મુજબ	૦૮/૦૧/૨૦૨૫ ૧૪:૫૨ પીએમ સાંકેતિક કબજો
	મિલકતની વિગત : પ્લોટ નં. ૧૯ (કેજેપી મુજબ બ્લોક નં. ૫૧/૧૯) ક્ષેત્રફળ ૪૦.૧૫ ચો.મી., તેમજ ૧૯.૫૦ ચો.મી. તેમજ જમીન, રોડ અને સીઓપીનો ન વહેંચાયેલ પ્રપોશનેટ હિસ્સો, 'શ્રી નિલકંઠ રેસિડેન્સી', તેમજ બિન-ખેતીલાયક જમીનનો રેવન્યુ સર્વે નં. ૮૭/૧/પૈકી, બ્લોક નં. ૫૧, ક્ષેત્રફળ ૩૮૪૫ ચો.મી., મોજે-ગામ-સચાડલા, પેટા જિલ્લો અને તાલુકો-ઓલપાડ, જિલ્લો-સુરત ખાતેની સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા. **ચતુ:સીમા :** પુર્વ : પ્લોટ નં. ૨૦, પશ્ચિમ : પ્લોટ નં. ૧૮, ઉત્તર : રોડ, દક્ષિણ : પ્લોટ નં. ૪૦			
૨	૩૧૮૦૯૬૧૦૦૦૦૧૨૭	૧) ગોદકિયા રાજેશકમાર વિજયભાઈ, ૨) ગોદકિયા માયાબેન રાજેશકુમાર	૨૨/૧૦/૨૦૨૪ રૂા. ૧૫,૪૭,૧૨૨/- (રૂપિયા પંદર લાખ સુડતાલીસ હજાર એકસો બાવીસ પુરા) ૧૯/૧૦/૨૦૨૪ મુજબ	૦૮/૦૧/૨૦૨૫ ૧૨:૧૫ પીએમ સાંકેતિક કબજો
	મિલકતની વિગત : મોજે ગામ, ડાકોર, રેવન્યુસર્વે નં. ૧૦૮+૧૨૫/૧ પૈકી ૨, પૈકી સીટી સર્વે નં. ૨૦૪૩, પૈકી ક્ષેત્રફળ ૨૬૮૦.૮૭ ચો.મી. પૈકી, પૈકી પ્લોટનં. ૪, પૈકી, ક્ષેત્રફળ ૨૦૨.૦૦ ચો.મી., પૈકી, પશ્ચિમ બાજુ ક્ષેત્રફળ ૧૦૧.૦૦ ચો.મી. પૈકી હેક. અરે ૦.૦૧.૦૧. પૈકી, એનએ જમીન ક્ષેત્રફળ ૩૭.૦૦ ચો.મી પૈકી, જુનો ટેનામેન્ટ નં. ૩૪૩૦/૩, તાલુકો થાસરા, જિલ્લો ખેડા. **ચતુ:સીમા :** પુર્વ: દબગર રાજેશકુમાર સોમચંદ્રની મિલકત, પશ્ચિમ: પરમાર નથુભાઈ ઉર્ફે નટવરભાઈ કુલાભાઈ મિલકત. દક્ષિણ: રોડ			
૩	૪૫૨૫૯૪૨૦૦૦૧૫૦૧	૧) પટેલ હર્ષદકુમાર ભરતકુમાર, ૨) પટેલ દક્ષાબેન ભરતભાઈ	૧૯/૧૦/૨૦૨૪ રૂા. ૫,૫૩,૫૮૩/- (રૂપિયા પાંચ લાખ ત્રેપ્પન હજાર પાંચસો ત્યાર્શી પુરા) ૧૬/૧૦/૨૦૨૪ મુજબ	૦૯/૦૧/૨૦૨૫ ૧૧:૫૬ એએમ સાંકેતિક કબજો
	મિલકતની વિગત : મોજે કલિયાવાડી, નવસારી, સર્વે નં. ૧/૧ પૈકી, પવન એપાર્ટમેન્ટ પૈકી, ત્રીજો માળ, ફ્લેટ નં. ૩૦૨, સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૫૬.૯૭ ચો.મી. એટલે કે ૬૧૩.૦૦ ચો.ફુટ, બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૩૯.૮૬ ચો.મી. કાલિયાવાડી ગ્રામ પંચાયત રેકોર્ડ ગ્રામ પંચાયત હાઉસ નં. ૮૦૮/૩૦૨, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અને સબ ડિસ્ટ્રીક્ટ નવસારી, જિલ્લો નવસારી ખાતેને જમીનના બિન ખેતીલાયક પ્લોટની સ્થાવર મિલકતના તમાતમ ભાગ અને હિસ્સા. **ચતુ:સીમા :** ઉત્તર: એપાર્ટમેન્ટ પાર્કિંગની ખુલી જગ્યા અને કોમન રોડ, દક્ષિણ: પેસેજ અને ફ્લેટ નં. ૩૦૩, પુર્વ: ફ્લેટ નં. ૩૦૧, પશ્ચિમ: ખુલી જગ્યા.			
૪	૪૫૨૫૯૬૧૦૦૦૦૩૫૦ અને ૪૫૨૫૯૮૦૦૦૧૨૨૮૦	૧) પંકજ રાજેન્દ્ર સિંઘલ, ૨) નિશો પંકજ સિંઘલ	૦૯/૦૯/૨૦૨૪ રૂા. ૧૭,૫૦,૧૪૬/- (રૂપિયા સત્તર લાખ પચાસ હજાર એકસો છેંતાલીસ પુરા) ૦૩/૦૯/૨૦૨૪ મુજબ	૦૮/૦૧/૨૦૨૫ ૦૯:૦૦ એએમ ભૌતિક કબજો
	મિલકતની વિગત : ફ્લેટ નં. ૧૦૪, ક્ષેત્રફળ અંદાજે ૪૬.૫૫ ચો.મી., કાર્પેટ એરિયા ૫૫.૮૬ ચો.મી., બિલ્ટ અપ અને ૭૭.૬૦ ચો.મી., સુપર બિલ્ટ અપ, પહેલો માળ, બિલ્ડીંગ નં. બી/૧, મોડલ ટાઉન રેસિડેન્સી, બાંધકામ જમીનનો બ્લોક નં. ૨૦ પૈકી, તેમજ ફાઇનલ પ્લોટ નં. ૩૦૦/૧ પૈકી, ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં. ૩૫ (કુંભારીયા સરોલી સાનિયા હેમદ દેવગટ), સરોલી, જિલ્લો-સુરત ખાતેની મિલકતના તમામ રાઇટ, ટાઇટલ અને હિત. **ચતુ:સીમા :** સોસાયટીનો ગાર્ડન, પશ્ચિમ : સોસાયટીનો રોડ, ઉત્તર : બિલ્ડીંગ નં. બી/૪, દક્ષિણ : ફ્લેટ નં. ૧૦૧			

**અહીં ઉપર જણાવેલ દેવાદારો / સહ-દેવાદારો / જામીનદારો / ગીરવેદારો બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ખાસ કરીને ઉપર જણાવેલ દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે જના સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડના અધિકૃત અધિકારીએ જણાવેલ નિયમોના નિયમ ૮ સાથે વંચાતી એક્ટની કલમ ૧૩(૪) હેઠળ તેમને પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ તારીખોએ અહી ઉપર જણાવેલ મિલકતો / સિક્યોર્ડ એસેટોનો કબજો લઇ લીધો છે. ખાસ કરીને અહી ઉપર જણાવેલ દેવાદારો